# પોલીસને વિટનેસ સ્ટેટમેન્ટ (સાક્ષીનું નિવેદન) આપવું – હવે પછી શું થશે?



CRIMINAL JUSTICE SYSTEM

**આગળ આવવા બદલ તમારો આભાર.**
**તમારી મદદની અમે કદર કરીએ છીએ.**

'ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ' (ફોજદારી ન્યાય પદ્ધતિ) વિટનેસ (સાક્ષીઓ) વગર ચાલી શકે નહિ. ગુનેગારોને ન્યાય સમક્ષ લાવવામાં તેઓ જ સૌથી અગત્યનું પરિબળ બને છે.

તમે હવે સ્ટેટમેન્ટ (નિવેદન) કર્યું છે, તમને કદાચ કોર્ટમાં જુબાની આપવાનું કહેવામાં આવી શકે.

## આમાં હું બીજું કંઈ કરી શકું?

હા. પોલીસને નીચેની બાબતો જણાવવાનું અગત્યનું છેઃ

- તમારા સ્ટેટમેન્ટમાં કશું કહેવાનું બાકી રહી ગયું હોય (કે ભૂલી ગયાં હોય) અથવા કશું ખોટું હોય;
- તમારું સરનામું કે ફોન નંબર બદલાય (સાક્ષીઓનો સમયસર સંપર્ક કરી શકાતો ન હોવાને કારણે દરરોજે કેટલાય ટ્રાયલો - ખટલાની સુનાવણીઓ થઈ શકતી નથી); અને
- તમે કદાચ કોર્ટમાં ન જઈ શકો તે તારીખો. આમાં જેવો કોઈ ફેરફાર થાય કે તરત જ તે વિશે જાણ કરો. જ્યારે ટ્રાયલ માટેની તારીખ નક્કી કરવામાં આવે છે ત્યારે આ તારીખોની જરૂર પડે છે.

## શકમંદ (પ્રતિવાદી - 'ડિફેન્ડન્ટ') કે બચાવ પક્ષના વકીલને મારું સરનામું આપવામાં આવશે?

ના, તમારું સરનામું તમારા વિટનેસ સ્ટેટમેન્ટની પાછળ લખેલું હોય છે અને પ્રતિવાદી કે તેના સોલિસિટર - વકીલને માત્ર સ્ટેટમેન્ટના આગળના ભાગની જ નકલ આપવામાં આવે છે. તે ઉપરાંત, સામાન્ય રીતે કોર્ટમાં સાક્ષીઓને તેમનું સરનામું મોટેથી બોલવા માટે કહેવામાં આવતું નથી. સામાન્ય રીતે પ્રતિવાદી અથવા તેના સોલિસિટરને માત્ર સાક્ષીઓનાં નામ જ કહેવામાં આવે છે.

## મારા સ્ટેટમેન્ટનું શું થશે?

જો શકમંદને આ બનાવના સંબંધમાં ચાર્જ કરવામાં આવ્યો હોય (તેની ઉપર કાયદેસર આરોપ મૂકવામાં આવ્યો હોય), તો તમારું સ્ટેટમેન્ટ અને બીજા બધા જ પુરાવા ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સી.પી.એસ.)ને મોકલી આપવામાં આવશે. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ફોજદારી ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિઓ ઉપર કાયદેસર કાર્યવાહી કરવા માટે સી.પી.એસ. જવાબદાર છે. પોલીસ અને સી.પી.એસ. એકબીજા સાથે એકદમ નિકટતાથી કામ કરતાં હોવાં છતાં તે બંને જુદી જુદી સંસ્થાઓ છે.

## મારું સ્ટેટમેન્ટ કોણ વાંચશે?

કેસમાં સંકળાયેલી દરેક વ્યક્તિ તમારું સ્ટેટમેન્ટ વાંચશે (દાખલા તરીકે, પોલીસ, સી.પી.એસ., બચાવ પક્ષ અને મેજિસ્ટ્રેટો અથવા જજ).

## કોઈ મને ધમકી આપવાનો પ્રયત્ન કરે તો શું કરવું?

વિટનેસ (સાક્ષી)ને કે તપાસકાર્યમાં પોલીસને મદદ કરી રહેલી કોઈ પણ વ્યક્તિને ધમકી આપવી કે ડરાવવા એ ફોજદારી ગુનો છે. જો તમને ટ્રાયલ પહેલાં, તે દરમ્યાન કે તે બાદ કોઈ પણ રીતે સતાવવામાં આવે, કે ધમક આપવામાં આવે, તો તમારે તરત જ તે પોલીસને કહી દેવું જોઈએ.

# કેસમાં શું થઈ રહ્યું છે તે મને કહેવામાં આવશે?

શું બની રહ્યું છે તે વિશે ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને છેલ્લામાં છેલ્લી વિગતોથી માહિતગાર રાખવા માટે પોલીસ અને સી.પી.એસ. તેમની કાર્યપદ્ધતિમાં સુધારા કરી રહ્યા છે, પરંતુ દરેક કેસમાં આમ કરવાનું હંમેશાં શક્ય હોતું નથી. યાદ રાખો, તમારે કોઈ પ્રશ્નો પૂછવા હોય કે કોઈ ચિંતા હોય, તો તમે કોઈ પણ સમયે પોલીસનો સંપર્ક કરી શકો છો. સંપર્ક કરવા માટેની વિગતો આ પત્રિકાના પાન 9 ઉપર આપેલી છે.

તમારે કોર્ટમાં જવાની જરૂર હશે તો તમારો સંપર્ક કરવામાં આવશે (પરંતુ કેસો તૈયાર કરવામાં સમય લાગતો હોવાથી, તમે તમારું સ્ટેટમેન્ટ આપી દીધા બાદ કદાચ આમાં થોડો સમય લાગી શકે).

ગુનાનો ભોગ બનેલાં લોકોને સામાન્ય રીતે નીચેની બાબતો કહેવામાં આવે છે:

- શકમંદ ઉપર ચાર્જ મૂકવામાં આવ્યો છે કે નહિ;
- જામીન વિશે અને કોર્ટમાં શું થાય છે તે વિશે; અન
- કોઈ કારણોસર કેસ આગળ ન વધે તો તે.

પરંતુ સાક્ષીઓ (જેઓ ગુનાનો ભોગ બનેલાં નથી) તેમનો ફરીથી કદાચ સંપર્ક કરવામાં ન આવે, જો:

- શકમંદ પોતાનો ગુનો કબૂલ કરી લે અને તેને કોર્ટમાં ચેતવણી આપવામાં કે ગુનેગાર પુરવાર કરવામાં આવે;
- શકમંદ ઉપર કાયદેસર કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા ન હોય; અથવા
- શકમંદને ઓળખવામાં ન આવ્યો/આવી હોય.

## મારે કોર્ટમાં જવું પડશે?

તમારે તો જ કોર્ટમાં જવું પડશે, જો પ્રતિવાદીઃ

- તેની ઉપર મૂકવામાં આવેલા આરોપનો ઈનકાર કરે અને પોતે ગુનગાર 'નહિ હોવાનું કબૂલે'; અથવા
- પોતાનો ગુનો કબૂલે પરંતુ ગુનાના કોઈ અગત્યના ભાગનો ઈનકાર કરે જેના લીધે તેને મળનારી સજાના પ્રકાર ઉપર કદાચ અસર થઈ શકે તેમ હોય.

જો તમને કોર્ટમાં જવાનું કહેવામાં આવ્યું હોય, તો પ્રોસિક્યુશન (સરકારી વકીલ) અને બચાવ પક્ષના વકીલો તમને તમારી જુબાની વિશે પ્રશ્નો પૂછશે. તમારી યાદ તાજી કરવા માટે તમે પહેલાં તમારું સ્ટેટમેન્ટ વાંચી શકશો.

જો તમે સ્ટેટમેન્ટ આપ્યું હોય અને બાદમાં તમને કોર્ટમાં જુબાની આપવા માટે જવાનું કહેવામાં આવે, તો તમારે તે કરવું જ પડે છે. જો તમને કોર્ટમાં જવાનું કહેવામાં આવ્યું હોય, તો તમને આ મોકલવામાં આવશેઃ

- ક્યારે અને ક્યાં જવું તે તમને જણાવતો એક પત્ર; અને
- સમજૂતી આપતી એક પત્રિકા.

## હું કોર્ટમાં ન જાઉં તો શું થશે?

કોર્ટમાં જવા વિશે તમને કોઈ તકલીફ કે ચિંતા હોય, તો તમને કોર્ટમાં જવાનું કહેનાર વ્યકિતને શક્ય તેટલી જલદી તે વિશે તમારે જાણ કરવી જોઈએ. જો તમારે કોર્ટમાં જવું પડે તેમ હોય, પરંતુ તમે સ્વેચ્છાએ નહિ જાવ એવું માનવાને કારણ હોય, તો કોર્ટ તમારી વિરુદ્ધ સાક્ષીનું સમન જારી કરે તેવું બની શકે. જો તમે હજુ પણ કોઈ વાજબી કારણ વગર કોર્ટમાં નહિ જાવ, તો તમે 'કોર્ટનું અપમાન કર્યું હોવાનું' કોર્ટ માની શકે અને તમારી ધરપકડ માટેનું વોરંટ જારી કરી શકે.

## કેસની સુનાવણી ક્યાં થશે?

મોટા ભાગના કેસો મેજિસ્ટ્રેટ કે ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા મેજિસ્ટ્રેટની કોર્ટમાં સાંભળવામાં આવતા હોય છે. વધારે ગંભીર ગુના માટેના જ્યુરિના ટ્રાયલો ક્રાઉન કોર્ટમાં થતા હોય છે.

## કોણ મદદ કરી શકે?

દરેક કોર્ટમાં મફત અને ખાનગી 'વિટનેસ સર્વિસ' (સાક્ષીઓ માટેની સેવા) હોય છે, જે વિક્ટિમ સપોર્ટ દ્વારા ચલાવવામાં આવે છે અને ટ્રાયલ પહેલાં તમે તેમનો સંપર્ક કરી શકો છો. વિટનેસ સર્વિસના તાલીમ પામેલા સ્વયંસેવક તમને આપી શકશેઃ

- કોર્ટમાં શું થાય છે તે વિશેની માહિતી;
- લાગણીશીલ ટેકો અને ખાનગીમાં વાત કરી શકાય તે માટે કોઈ વ્યક્તિ;
- તમે જુબાની આપો ત્યારે તમારી સાથે કોર્ટરૂમમાં આવવા માટે કોઈ વ્યકિત; અને
- ટ્રાયલ પહેલાં તમને કોર્ટ સેન્ટરની મુલાકાતે લઈ જવાં અને શક્ય હોય તો કોર્ટરૂમમાં ફેરવવાં, જેથી શેની અપેક્ષા રાખવી તેની તમને ખબર હોય.

વિટનેસ સર્વિસ જુબાની વિશે ચર્ચા કરતી નથી કે કાયદા વિશેની સલાહ આપતી નથી.

તમારી સ્થાનિક વિટનેસ સર્વિસ વિશે જાણવા માટે, ફોન બુકમાં **magistrates court** અથવા **Crown Court** (મેજિસ્ટ્રેટ્સ કોર્ટ અથવા ક્રાઉન કોર્ટ) હેઠળ જુઓ. અથવા તમે **0845 30 30 900** ઉપર ફોન કરી શકો.

જેમની ઉપર જોખમ હોય તેવાં (અરક્ષિત) કે જેમને ધમકીઓ આપવામાં આવી હોય તેવાં સાક્ષીઓ જ્યારે જુબાની આપે ત્યારે તેમને ટેકો આપવા માટે વધારાની મદદ મળી શકે છે. જો સી.પી.એસ.ના વકીલને લાગે કે કોઈ સાક્ષી 'ખાસ પગલાં' તરીકે ઓળપાતી આવી વધારાની મદદ માટે લાયક ઠરે છે, તો તેનો ઉપયોગ કરવા માટે તેમણે મેજિસ્ટ્રેટ કે જજની પરવાનગી માગવી પડે છે. કયા પ્રકારની મદદ મળી શકે તેમ છે તે વિટનેસ સર્વિસના સ્વયંસેવક, પોલીસ અથવા સી.પી.એસ. તમને કહેશે અને તમારે શેની જરૂર છે તે વિશે પોલીસ અથવા સી.પી.એસ. ચર્ચા કરી શકશે.

## તમારા સ્ટેટમેન્ટ અંગે કાર્યવાહી કરી રહેલા ઓફિસર નીચેની વિગતો ભરશે.

| |
|---|
| તમારા કેસની કાર્યવાહી કરી રહેલા કે આ સ્ટેટમેન્ટ લેનારા ઓફિસરનું નામ |

| |
|---|
| રેન્ક |

| |
|---|
| પોલીસ નંબર અથવા સ્ટેશન |

| |
|---|
| સંપર્ક કરવા માટેનો ફોન નંબર |

| |
|---|
| સંપર્ક કરવા માટે ઈ-મેઈલનું સરનામું |

| |
|---|
| કેસ રેફરન્સ નંબર |

## આ વિગતો કોઈ સુરક્ષિત જગ્યાએ મૂકી રાખો.

તમારા કેસની કાર્યવાહી કરી રહેલા ઓફિસર તમને મદદ કરી શકે, પરંતુ તેઓ હંમેશાં તાત્કાલિક ન પણ મળી શકે. જો તમારે કોઈ પ્રશ્નો પૂછવા હોય કે કોઈ ચિંતા હોય, તો તમે નીચેના નંબર ઉપર પણ ફોન કરી શકો.

| |
|---|
| |

## તમને મદદ કરવા માટે અમારાથી શક્ય બધું જ અમે કરીશું.

## મને બીજે ક્યાંયથી વધારે માહિતી મળી શકે?

તમને ફોજદારી ન્યાય પદ્ધતિ - ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (પોલીસ, કોર્ટો અને સી.પી.એસ.) વિશેની સામાન્ય માહિતી અને સાક્ષી બનવા વિશેની વધારે માહિતી www.cjsonline.org/witness ઉપરથી મળી શકશે. ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની વધારે માહિતી માટે, www.cjsonline.org/victims ની મુલાકાત લો.

યુ.કે. ઓનલાઈન યુ.કે.ભરનાં લગભગ 6,000 કરતાં વધારે સેન્ટરોમાં મફત કે ઓછા ખર્ચે ઈન્ટરનેટની સગવડ પૂરી પાડે છે. તમારી નજીકનું સેન્ટર ક્યાં છે તે જાણવા માટે, 0800 77 1234 ઉપર ફોન કરો.

આ પત્રિકા તમને બંગાળી, કેન્ટોનીઝ, પંજાબી, હિન્દી, ઉર્દૂ, સોમાલી, વિએટનામીઝ, ગ્રીક, ટર્કિશ અને અરેબિકમાં મળી શકશે. આ પત્રિકા તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલમાં કે ઓડિયો ટેપ ઉપર પણ મળી શકશે. વિગતો માટે તમારા સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો.

Home Office

BUILDING A SAFE, JUST
AND TOLERANT SOCIETY

Gujerati

હોમ ઓફિસ કમ્યૂનિકેશન ડિરેક્ટોરેટ દ્વારા પ્રકાશિત. ડિસેમ્બર 2003